# કેપ્ટન એ. ડી. માણેક

## કેપ્ટન માણેક સાહેબે સ્થાપેલી ધ સ્કાયલાઇન એવિએશન ક્લબ ૩૦૦૦થી ઉપરાંત તાલીમાર્થીઓને તાલીમ આપી આ વર્ષ 2011માં સિલ્વર જ્યુબિલી વર્ષમાં પ્રવેશી છે!



જ્યારે જ્યારે એરલાઈન કે આર્મી, નેવી, એરફોર્સની વાત થાય ત્યારે આપણો વિદ્યાર્થી પાછળ પડતો જણાય છે. પાછળ પડવાનું મુખ્ય કારણ અંગ્રેજી ભાષા છે. આમ તો ગુજરાતી પ્રજા ઘણી જ સાહસિક પ્રજા છે, દુનિયાના દરેક હિસ્સામાં જોવા મળે છે. પરંતુ એરલાઈન અને સશસ્ત્ર દળોમાં ગુજરાતી યુવાનોની ઓછી સંખ્યાનું મુખ્ય કારણ યોગ્ય માહિતીનો અભાવ ગણી શકાય! ધી સ્કાય લાઈન એવિએશન ક્લબ, મુંબઈ આ માટે છેલ્લાં પચીસ વર્ષથી કાર્ય કરી રહી છે. આકાશમાં પંખીની જેમ ઊડવું, સુંદર વિમાનો ચલાવવા અને દુનિયાભરમાં ફરવું અનેક યુવાનોની ખ્વાહિશ હોય છે... પરંતુ, ઘણા આશાસ્પદ યુવાનો સમયસર માર્ગદર્શનના અભાવે પાયલટ નથી બની શકતા! આવા યુવક-યુવતીઓના માર્ગદર્શક મસીહા બની રહ્યા છે કેપ્ટન એ.ડી. માણેક, જેમણે પોતે અત્યંત સંઘર્ષ કરીને પોતાનું કોમર્શિયલ પાયલટ બનવાનું અશક્ય જણાતું સ્વપ્ન શક્ય બનાવ્યું.



# પરિચય

છેલ્લા અઢી દાયકાથી એવિએશન ક્ષેત્રે કારકિર્દી માટે માર્ગદર્શન અને તાલીમ આપતા કેપ્ટન માણેકનું જીવન જ ફિલ્મની સ્ટોરી જેવું રોમાંચક અને ઉદાહરણરૂપ છે. પાયલટ બનવાની પ્રબળ ઈચ્છાને કારણે જીવનમાં આવતી તમામ અડચણોને પાર કરીને તેઓ એક દિવસ પાયલટ બન્યા તે તેમના જીવનનો સૌથી સફળ દિવસ હતો... આ બધું કેવી રીતે શક્ય બન્યું, તેમની પાસેથી જાણીએ...



મુલાકાત

**કેપ્ટન માણેક, આપના વિષે સમાચાર માધ્યમોમાં ઘણું સાંભળ્યું છે...આપની સંઘર્ષગાથા વિષે આપના મુખેથી જ વાચકોને જણાવશો ?**

*મારો જન્મ વ્યારામાં થયેલો, જે મારું મોસાળ હતું. સામાન્ય ખેતમજૂર પરિવારમાં મારો જન્મ થયો હતો અને માતા-પિતા બંને અભણ હતાં. બારડોલી તાલુકાના માણેકપોર ગામમાં મારું બાળપણ વીત્યું. સાતમા ધોરણ સુધીનો અભ્યાસ મેં સરકારી પ્રાથમિક શાળા, માણેકપોરમાં કર્યો.*

*આ પરિસ્થિતિમાં જીવન જીવવા માટે સંઘર્ષ કરવો અને અભ્યાસમાં આગળ વધવું એ બે મોટા પડકારો હતા. બાલ્યાવસ્થામાં હવામાં ઊડતા એરોપ્લેનને જોઈને એરોપ્લેન ઉડાડવાની કલ્પના થતી પણ એ વખતના સમય-સંજોગો જોતાં પાયલટ બનવાની વાત જ અશક્ય જણાતી હતી! આજે તો યુવાનોને કેરિયર ગાઈડન્સ માટેના અનેક વિકલ્પો ઉપલબ્ધ છે, પરંતુ એ વખતે ભારે શૂન્યાવકાશ ફેલાયેલો હતો! અલબત્ત, એન.સી.સી.ની તાલીમે મારા વ્યક્તિત્વને*

વિકસાવવામાં સિંહફાળો આપ્યો. એન.સી.સી. આર્મર્ડ ડિવિઝનની તાલીમે મારાં સપનાંઓને પાંખો આપતાં મારી પાયલટ બનવાની ઈચ્છા વધુ દૃઢ બની. મહારાષ્ટ્ર એન.સી.સી. તરફથી બેસ્ટ કેડેટનો અવૉર્ડ ડિસેમ્બર 1982માં એનાયત થયેલો. એન.સી.સી.ની આર્મર્ડ ડિવિઝનમાં તાલીમ લઈને મેં પ્રતિષ્ઠિત ગણાતું સી સર્ટિફિકેટ મેળવ્યું.

જીવન સંઘર્ષમાં ટકી રહેવા માટે એલ.આઈ.સી.માં વર્ગ-૩ની ટાઈપપિસ્ટ તરીકેની નોકરી તે સમયે મળતી હતી તે સ્વીકારી. પાયલટ બનવા માટેની સંઘર્ષયાત્રા ચાલુ જ હતી... દરમિયાનમાં એક એવી નોકરીની તક મળી જે દૂર દૂરથી પણ એવિએશન ક્ષેત્રે સાથે નિસ્બત ધરાવતી હતી, તેથી મેં સહર્ષ સ્વીકારી. એર ઈન્ડિયા એમ્પ્લોઈઝ ગિલ્ડ ટ્રેનિંગ સેન્ટર, મુંબઈના પ્રિન્સિપાલની એ નોકરી હતી.



મુલાકાત

ભારત સરકારના ડી.જી.સી.એ. (ડાયરેક્ટર જનરલ, સિવિલ એવિએશન) દ્વારા છેક વર્ષ 1985માં મને પ્રાઈવેટ પાયલટ લાઈસન્સ મળ્યું! જડ સરકારી નીતિ-રીતિઓ અને માહિતીના અભાવે આ લાયસન્સ મેળવતાં મને વર્ષો લાગી ગયા હતા. મારી પાયલટ બનવાની મહત્ત્વાકાંક્ષાએ મને છેવટે પાયલટ બનાવ્યો. અનેક અડચણો પાર કરીને મેં આખરે કોમર્શિયલ પાયલટનું લાઈસન્સ મેળવ્યું અને તે મારા જીવનનો એક યાદગાર દિવસ હતો...! માછ્યાવંશી સમાજમાંથી હું પ્રથમ પાયલટ છું.

પાયલટ બનવા માટે માર્ગદર્શન અને મદદના અભાવે મને જે તકલીફો સહન કરવી પડી અને અમૂલ્ય સમયનો બગાડ થયો તેવું અન્ય યુવાનો સાથે ન થાય તે માટે કંઈક કરવાનો મેં નિર્ધાર કર્યો. પાયલટ તરીકે ઉજ્જવળ કારકિર્દી બનાવવા ઉત્સુક આપણાં યુવક-યુવતીઓને સાચી સલાહ, ઉત્તમ


પ્રથમ ભારતીય પાયલટ સ્વ. જે.આર.ડી. ટાટા સાથે કેપ્ટન માણેકની ઐતિહાસિક તસવીર

તાલીમ અને સંપૂર્ણ માહિતી મળી રહે તે હેતુથી હું પાયલટ ઈન્સ્ટ્રક્ટર બન્યો...

પ્રથમ ભારતીય પાયલટ અને જાણીતા ઉદ્યોગપતિ સ્વ. જે. આર.ડી. ટાટા સાથે જૂહુ એરપોર્ટ પર મારી યાદગાર મુલાકાત થઈ. તા.15 ઓક્ટોબર, 1982નો એ દિવસ હતો... તા.15 ઓક્ટોબર, 1932ના રોજ જે. આર. ડી. ટાટાએ મુંબઈથી કરાચીની ઉડાન ભરી હતી! તેઓએ વાયા અમદાવાદ વિમાન ઉડાડ્યું હતું. ભારતની આ સૌ પ્રથમ નાગરિક હવાઈયાત્રા હતી જે ભારતના સિવિલ એવિએશન ઈતિહાસનો સુવર્ણદિન છે. આ ઐતિહાસિક ફર્સ્ટ ફ્લાઈટને 50 વર્ષ પૂર્ણ થવાની ઉજવણી અમે ટાટાસાહેબ સાથે કરી...! આજે પણ અમે આ દિવસની સાથે મળીને ઉજવણી કરીએ છીએ. આ દિવસની સ્મૃતિમાં જ અમે વર્ષ 1987માં 15 ઑક્ટોબરે ધી સ્કાયલાઈન એવિએશન ક્લબનો શુભારંભ કર્યો. ડૉ. પ્રભાવતી દીક્ષિતે ઉદ્‌ઘાટન કર્યું, જેણે પાંસઠ વર્ષની ઉંમરે પ્રાઈવેટ પાઈલટ લાઈસન્સ મેળવી રાષ્ટ્રીય વિક્રમ સર્જ્યો હતો.



મુલાકાત



કેપ્ટન માણેકના પુસ્તકનો સ્વીકાર કરી શુભકામના પાઠવતા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી : વર્ષ 2010

ધી સ્કાયલાઈન એવિએશન ક્લબ એ ઈન્ડિયન સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટ, 1960 અને બૉમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ, 1950 હેઠળ નોંધાયેલી સંસ્થા છે. નોન-પ્રોફિટ સંસ્થા હોવાની સાથે સાથે સ્કાયલાઈન એવિએશન ક્લબ દ્વારા ભારત અને અમેરિકાનાં ધારાધોરણો અનુસાર પાયલટ બનવા માટેની સૈદ્ધાંતિક (ક્લાસરૂમ) તાલીમ ઉપરાંત ફ્લાઈટ રેડિયો ટેલિફોન લાયસન્સ, ફ્લાઈટ ડિસ્પેચર લાયસન્સ, એર હોસ્ટેસ, ફ્લાઈટ પર્સર અને હેમ રેડિયો લાયસન્સના અભ્યાસક્રમોની તાલીમ આપવામાં આવે છે.

સ્કાયલાઈન સાથે સંલગ્ન ફ્લાઈંગ ક્લબ્સ અને ફ્લાઈટ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ્સ દ્વારા તાલીમાર્થીઓને ભારતમાં તેમજ વિદેશોમાં પાયલટ અને ફ્લાઈટ ડિસ્પેચરની પ્રેક્ટિકલ ફ્લાઈટ ટ્રેનિંગ આપવામાં આવે છે.

**ધી સ્કાયલાઈન એવિએશન ક્લબની શરૂઆત કેવી રીતે થઈ?**

મુલાકાત

એવિએશનનું શિક્ષણ આપવાની પ્રવૃત્તિનો પ્રારંભ 'ધ ઈન્ડિયન એવિએશન એકેડેમી' ના નામે તા.15 ઑક્ટોબર, 1987 ના દિવસથી થયો.

શરૂઆતથી જ એરો મોડેલિંગ, એવિએશન ક્ષેત્રે જાગૃતિના કાર્યક્રમો, વિમાન ઉડાડવાનો શોખ ધરાવતી વ્યક્તિઓ માટેનું પ્રાઈવેટ પાઈલટ લાઈસન્સ (પી.પી.એલ.) ગ્રાઉન્ડ ટ્રેનિંગ કોર્સ, હેમરેડિયો વગેરે જેવી પ્રવૃત્તિઓ શાળા-કૉલેજના વિદ્યાર્થીઓના લાભાર્થે ચાલુ કરી. એરો મોડેલિંગથી વિમાનના મોડેલ બનાવવા મળે છે અને હવામાં ઊડતું વિમાન કયા સિદ્ધાંતો પર કાર્ય કરે છે તે સમજવા મળે છે. ફિલ્મોમાં જોવા મળતા એરક્રેશનાં દશ્યો સામાન્ય રીતે મોડેલ વિમાનના હોય છે. આ માટે પણ હું પોતે અને અમારી ટીમ હિન્દી ચલચિત્રોમાં ક્રીએટિવ ડાયરેક્શન આપે છે.

અત્યાર સુધીમાં **પુકાર, મા તુજે સલામ, ગદર** અને **ચેમ્પિયન** જેવા હિન્દી ચલચિત્રોમાં અમે યોગદાન આપ્યું છે.

હેમ રેડિયો વાયરલેસ લાયસન્સ અને ઈન્ડિયન પ્રાઈવેટ પાઈલટ લાયસન્સ (પી.પી.એલ.) લેખિત પરીક્ષામાં પાસ થવા વિદ્યાર્થીઓને તૈયાર કરવા અમે સેંટ જૉસેફ હાઈસ્કૂલ, મલાડ, મુંબઈમાં વીકઍન્ડ ક્લાસીસ શરૂ કર્યાં. અમારી સંસ્થાએ તા.12 નવેમ્બર, 1990થી 21 જૂન, 1992 દરમિયાન પી.પી.એલ. પરીક્ષા માટે 332 વિદ્યાર્થીઓ અને એમેચ્યોર રેડિયો લાયસન્સ એક્ઝામ માટે 137 વિદ્યાર્થીઓને નિઃસ્વાર્થપણે તાલીમ આપી!



મુલાકાત

ત્યાર બાદ ભારત સરકાર પાસેથી આવશ્યક મંજૂરી મેળવવા મેનેજિંગ કમિટીને નામ બદલવાની ફરજ પડી અને તા.22 જૂન, 1992ના દિને **ધ સ્કાયલાઈન એવિએશન ક્લબ** નામ ધારણ કર્યું. તા.19 ઑગસ્ટ, 1992 એ સ્કાયલાઈન એવિએશન ક્લબ સરકારમાં રજિસ્ટર થઈ અને તા. 14 એપ્રિલ, 1993થી અન્ય અભ્યાસક્રમોની સાથોસાથ ડી.જી.સી.એ.(ભારત સરકાર)ના અભ્યાસક્રમ અનુસાર કમર્શિયલ પાઈલટ લાયસન્સ કોર્સ શરૂ કરી શકાયો. એ પછી એફ.એ.એ., ગવર્નમેન્ટ ઓફ યુ.એસ.એ. પ્રમાણિત અભ્યાસક્રમ પણ ચાલુ કર્યો.

**કેપ્ટન માણેકનાં પત્ની કુમુદ માણેક,**
**મોટો પુત્ર અંકુર, નાનો પુત્ર નિરવ, સમગ્ર પરિવાર પાઈલટ છે:**
**વર્ષ 2010**




પાસઠ વર્ષની ઉંમરે પાઈલટ લાઈસન્સ મેળવનાર મહિલા પ્રભાવતી દીક્ષિત સ્કાયલાઈન એવિએશન ક્લબનું ઉદઘાટન કરી રહ્યા છે : વર્ષ 1987



મુલાકાત

**એવિએશન ક્ષેત્રે ભારતમાં હાલ શું પરિસ્થિતિ છે?**

*ભારત સરકારની 'ઓપન સ્કાય પોલિસી' અનુસાર એવિએશન ક્ષેત્રના ખાનગીકરણથી સિવિલ એવિએશન ઘણું વિકાસ પામ્યું અને નવી એરલાઈન્સ, ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ્સ, એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ જેવી સંલગ્ન પ્રવૃત્તિઓને વેગ મળ્યો. આ ઉદ્યોગ વિકસવાથી પાયલટ્સ, ફલાઈટ ડિસ્પેચર્સ, રેડિયો ઓફિસર્સ, એર હોસ્ટેસિઝ, ફલાઈટ પર્સર્સ, ગ્રાઉન્ડ હોસ્ટેસીઝ અને ટ્રાફિક આસિસ્ટન્ટ્સ જેવા તાલીમબદ્ધ માનવ સંસાધનની જરૂરિયાત ઊભી થઈ. વિમાની ઉદ્યોગમાં પાયલટ સૌથી મહત્ત્વની વ્યક્તિ છે. તેના વિના ફલાઈટ ઊડી શકે નહીં.*

*આજના આધુનિક એરક્રાફ્ટની કોકપીટમાં અનેક અતિ આધુનિક સિસ્ટમ્સ પાયલટની સામે ગોઠવાયેલી હોય છે. એરક્રાફ્ટ આકાશમાં ઉડાડતી વખતે તેણે ઓછા સમયમાં અનેક પરિબળોનું ધ્યાન રાખવાનું હોય છે. આ સંજોગોમાં દરેક પાયલટ સઘન ગ્રાઉન્ડ ટ્રેનિંગ અને પૂરતા ફલાઈટ*

*અવર્સથી સુસજ્જ હોય તે આવશ્યક છે.*

*આજ સુધીમાં ધી સ્કાયલાઈન એવિએશન ક્લબ દ્વારા અમે ત્રણ હજારથી વધારે પાયલટ્સ તૈયાર કર્યા છે. આમાંના કેટલાક પાયલટ્સે તેમની પ્રેક્ટિકલ ટ્રેનિંગ યુ.એસ.એ., યુ.કે., ન્યૂઝિલેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં લીધેલી છે.*

**પાયલટની તાલીમ ઉપરાંત ધી સ્કાયલાઈન એવિએશન ક્લબ શું પ્રવૃત્તિઓ કરે છે?**



મુલાકાત

*અમે હેંગ ગ્લાઈડિંગ, પાવર્ડ હેન્ગ ગ્લાઈડિંગ, પેરા સેઈલિંગ, પેરા ગ્લાઈડિંગ, પેરા પ્લેન, એરો મોડેલિંગ જેવી પ્રવૃત્તિઓ માટે કોચિંગ કેમ્પ આયોજિત કરીએ છીએ. મુખ્યત્વે વીક એન્ડ અને વેકેશનમાં આવા ટ્રેનિંગ કેમ્પસ અમે ગોઠવીએ છીએ. આ વિષયોના નિષ્ણાતો તેમજ અન્ય સંસ્થાઓ સાથે મળીને પણ અમે કાર્યક્રમોનું આયોજન કરીએ છીએ. આ ઉપરાંત અમે એર શૉ, એર એમ્બ્યુલન્સ અને ફિલ્મોમાં એરક્રાફ્ટસના શોટનું ડાયરેક્શન પણ કરીએ છીએ.*

**એવિએશન (ઉડ્ડયન) ક્ષેત્રે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં જાગૃતિ ફેલાવવા આપ જે પ્રયત્નો કરી રહ્યા છો તે વિષે જણાવશો..?**




**કેપ્ટન માણેક અને તેમની શરૂઆતની ટીમ: વર્ષ** 1991



ધી સ્કાયલાઈન એવિએશન ક્લબના અદ્યતન કલાસરૂમમાં વિદ્યાર્થીઓ કેપ્ટન માણેક પાસેથી તાલીમ મેળવી રહ્યા છે : વર્ષ 2011



મુલાકાત

અમે અસંખ્ય સેમિનારો આયોજિત કર્યા છે અને એવિએશન ક્ષેત્રે રહેલી વિવિધ તકોની છેલ્લામાં છેલ્લી માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા પ્રયત્નો કર્યા છે. ગુજરાતનાં વિવિધ સ્થાનો તેમજ મુંબઈમાં અમારા નિઃશુલ્ક સેમિનાર ચાલતા રહે છે. અત્યાર સુધીમાં આ પ્રકારના કેરિયર ગાઈડન્સ સેમિનારોનો પાંચ લાખથી વધારે યુવાનો અને તેમના માતા-પિતાએ લાભ લીધો છે. તેમની કારકિર્દી ઘડતરમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષરૂપે મદદરૂપ થયાનો મને સંતોષ છે. કારકિર્દીલક્ષી માર્ગદર્શનના અભાવે મને જીવનનું ધ્યેય પ્રાપ્ત કરવા યુવાનીનાં અમૂલ્ય વર્ષોનો ભોગ આપવો પડ્યો, તેવું બીજા કોઈની સાથે ન બને તે માટે હું આ પ્રયત્નો કરી રહ્યો છું. આથી જ મેં પાયલટ તરીકે લાયસન્સ મેળવ્યા બાદ કોઈ એર લાઈનમાં નોકરી કરવાને બદલે પાયલટ ટ્રેનર બનીને નવયુવાનોના કારકિર્દી ઘડતર ઉપર મહત્ત્વ આપ્યું. મારી પત્ની કુમુદના રચનાત્મક સહકાર વિના આ શક્ય બન્યું ન હોત! મારાં પત્નીએ મારા આકાશને આંબવાના સપનાને સાકાર કરવા માટે પાંખો આપી અને આજે મારા બંને પુત્રો પણ પાયલટ છે... મોટો પુત્ર અંકુરે મુંબઈ યુનિવર્સિટીમાંથી

બી.એસસી. (એવીએશન)ની પદવી સાથે કોમર્શિયલ પાયલટ લાયસન્સ મેળવેલ છે અને હાલમાં પાયલટ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપે છે. તેણે કેલિફોર્નિયા (યુ.એસ.એ.)માં હજારો ફીટની ઊંચાઈએથી સ્કાય ડાયવિંગ (એરક્રાફ્ટમાંથી ફ્રી ફોલ અને થોડી મિનિટો પછી પૅરેશૂટ ખૂલે છે)નો રોમાંચક અનુભવ લીધો છે! અમેરિકાના કેલિફોર્નિયાની ફ્લાઈટ સ્કૂલમાં 14,000 ફીટની ઊંચાઈએથી તેણે ડાઈવ લગાવી છે. ભારતમાં પણ આવી એડવેન્ચર સ્પોર્ટ્સને પ્રમોટ કરવાની અમને ઈચ્છા છે.

નાનો પુત્ર નિરવ ઓગણીસ વર્ષની ઉંમરે ભારતનો સૌથી નાની વયનો પાયલટ ઈન્સ્ટ્રક્ટર બન્યો. હાલ તે ઈન્ડિગો એરલાઈન્સમાં સિનિયર કો-પાયલટ છે. હાલમાં જ તેમણે પાયલટની કારકિર્દીનું ઉચ્ચ કક્ષાનું મનાતું ATPL પાયલટ લાયસન્સ મેળવ્યું છે. પ્રમોશન મેળવીને તે ફક્ત ચોવીસ વર્ષની ઉંમરે કમાન્ડરની ઉચ્ચ પદવી મેળવશે.

મારી પત્નીએ પણ સ્ટુડન્ટ પાયલટ લાયસન્સ મેળવ્યું છે અને પ્રાઈવેટ પાયલટ લાયસન્સની તાલીમ લઈ રહ્યાં છે. આમ, અમારો સમગ્ર પરિવાર એવિએશન ક્ષેત્રે સમર્પિત છે... કદાચ ભારતનો એકમાત્ર એવો પરિવાર હશે જેના તમામ સદસ્યો એવિએશન ક્ષેત્રે સક્રિય છે. વધુ ને વધુ ગુજરાતી યુવક-યુવતીઓની એવિએશન ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી બનાવી રોજગારી અપાવવાને મારો હંમેશા પ્રયત્ન રહ્યો છે. અત્યાર સુધીમાં અમે ત્રણ હજારથી વધારે વિદ્યાર્થીઓને તાલીમ આપી છે.

અમેરિકામાં સિવલ એર પેટ્રોલ (સી.એ.પી.) કાર્યરત છે જે યુ.એસ. ઓક્ઝિલરી એરફોર્સ કહેવાય છે. કુદરતી આપદાઓના સમયે નાગિરકોનો બચાવ કરતું આ દળ છે.

આંતરરાષ્ટ્રિય કેડેટ એક્સચેન્જ કાર્યક્રમ અન્વયે વિવિધ દેશોના કેડેટ્સને આ દળ સાથે અમેરિકામાં કામગીરીની તાલીમ લેવા જવાની તક આપવામાં આવે છે. આમાં જવા માટે એન.સી.સી. કેડેટ તરીકે મેં પણ વર્ષ 1981માં અરજી કરી હતી. મારી અરજીનો એ કારણથી અસ્વીકાર કરવામાં આવ્યો કે ઈન્ટરનેશનલ એર કેડેટ એસોસિએશન, ગ્રેટ બ્રિટનના સભ્ય હોય તે જ દેશોના કેડેટ ભાગ લેવા માટે લાયક ગણાય છે. ભારત સભ્ય દેશ નથી એટલે આપ હિસ્સો નહી લઈ શકો. આથી મેં સંરક્ષણ મંત્રાલયને વિગતવાર પત્ર લખેલો અને યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલું. ત્યાર બાદ ભારત દેશ પણ આ સંસ્થામાં સભ્ય બન્યો અને આપણા કેડેટ્સ માટે પણ રસ્તો ખુલ્લો થયો... આ શુભ કાર્ય માટે નિમિત્ત બન્યાનો મને સંતોષ છે.



આજે જ્યારે મુંબઈમાં એર ટ્રાફિક ખૂબ વધી ગયો છે, દરેક ફ્લાઈટે 30 થી 60 મિનિટ હવામાં હોલ્ડિંગ કરવું પડે તેવી હાલત છે ત્યારે મુંબઈમાં નવું એરપોર્ટ બનાવવાની આવશ્યક્તા સૌ કોઈ અનુભવી રહ્યાં છે પરંતુ અમે છેક 1992માં આ માટે સીડકો અને મહારાષ્ટ્ર સરકારને રજૂઆત કરેલી તેમજ પ્રોજેક્ટ રિપોર્ટ પણ બનાવી આપેલો. તા.24 જુલાઈ 1992એ અમને એક પત્ર પાઠવીને નવા એરપોર્ટની જરૂરિયાતનો સૈદ્ધાંતિક સ્વીકાર કરેલો. તા.2 ડિસેમ્બર 1993થી અમને પનવેલ ખાતેના સૂચિત નવા એરપોર્ટની સાઈટ પર અમને ફ્લાઈંગ સ્કૂલ ચાલુ કરવાની પરવાનગી પણ આપેલી.

બીજો એક કિસ્સો આપને કહું તો પરદેશ અભ્યાસ માટે જતા તમામ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ માટે રીઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયાની વિદેશ હૂંડિયામણ માટેની પરમિટ લેવાનો

નિયમ તત્કાલીન નાણામંત્રી એન. ડી. તિવારીને વર્ષ 1988માં રજૂઆતો કરીને અમે દૂર કરાવ્યો.

તા.21 ઓક્ટોબર, 1987થી કોમર્શિયલ પાયલટ લાયસન્સ માટેની લોન યોજના ગુજરાત સરકાર દ્વારા તે સમયના મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરીની મદદથી શરૂ કરાવી. આજે ગુજરાત સરકાર કોમર્શિયલ પાયલટ બનવા વીસ લાખ રૂપિયા લોન આપે છે.

**નાના એરક્રાફ્ટસને વિવિધ કાર્યક્રમોમાં પુષ્પવૃષ્ટિ માટે પણ ભાડે આપવામાં આવે છે.**

સેસના એરક્રાફ્ટ્સ અને તેના સ્પેર પાર્ટસના નિર્માણ માટેનું એકમ સ્થાપવા અમે ગુજરાત સરકાર સાથે વાઈબ્રન્ટ ગુજરાત દરમ્યાન એમ.ઓ.યુ. સાઈન કર્યું છે.

આજે એવિએશન ક્ષેત્રે કોઈ ન્યૂઝ સ્ટોરી માટે કે વિમાનનો અકસ્માત થાય ત્યારે પેનલ ડિસ્કશન માટે સી.એન.એન., હેડલાઈન્સ ટૂડે, આજ તક સહિતની દેશી-વિદેશી ટીવી ચેનલો મને એક્સપર્ટ તરીકે બોલાવે છે...



**આપ પાયલટ ઈન્સ્ટ્રક્ટર તરીકે વર્ષોથી વિદ્યાર્થીઓને તાલીમ આપો છો... કેવો અનુભવ રહ્યો?**

અમારા કેટલાય વિદ્યાર્થીઓએ એવિએશન ક્ષેત્રે તેમની કારકિર્દીમાં ઉચ્ચ કીર્તિમાનો સ્થાપિત કર્યાં છે.

દુબઈ એરપોર્ટ પર આયોજિત સ્પોટ લેન્ડિંગ કોમ્પિટિશનમાં અમારા ભૂતપૂર્વ વિદ્યાર્થી કેપ્ટન નીલ ઠક્કરે 'બેસ્ટ પાયલટ એવોર્ડ' મેળવ્યો હતો. નીલ અત્યારે ભારતમાં કિંગફિશર એરલાઈન્સમાં પાયલટ તરીકે સેવા આપે છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિન તા.8 માર્ચ, 2001ના દિને જયપુરમાં માત્ર મહિલા ક્રૂ મેમ્બર્સ સાથેની ફ્લાઈટ કમાન્ડ કરીને અમારી ભૂતપૂર્વ વિદ્યાર્થિની કેપ્ટન સુધા બેંગનાનીએ લિમ્કા અને ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડઝમાં નામ નોંધાવ્યું છે! હાલ કેપ્ટન સુધા જેટ એરવેઝમાં પાયલટ તરીકે સેવા આપે

છે. વાશિંગ્ટન ડી.સી., અમેરિકા ખાતે અમારા ભૂતપૂર્વ વિદ્યાર્થી કેપ્ટન રાજેશ નવાબે તો 'પાઈપર એરો' એરક્રાફ્ટ જ ખરીદી લીધું છે!

અમારા અન્ય એક પૂર્વ વિદ્યાર્થી કેપ્ટન અખિલ સિગિતિયાએ સૌથી નાની ઉંમરે સાઉથ આફ્રિકામાં સોનાની શોધખોળની કામગીરી સેસના-310 એરક્રાફ્ટથી બજાવી છે... તો ઈન્ડિયાની ફર્સ્ટ વુમન હેલિકોપ્ટર પાયલટ કેપ્ટન અરુણા કંદર્પ પણ મારી સ્ટુડન્ડ રહી ચૂકી છે...! આવા તેજસ્વી વિદ્યાર્થીઓના ગુરુ તરીકે હું હંમેશા ગૌરવ અનુભવું છું.

સિવિલ એવિએશન મિનિસ્ટર શ્રી પ્રફુલ્લ પટેલ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી વિલાસરાવ દેશમુખ અને જાણીતા એમેચ્યોર પાઈલટ તથા જે. કે. ગ્રૂપના ચેરમેન શ્રી વિજયપત સિંઘાનિયાએ અમને શુભેચ્છા અને સહયોગ આપ્યો છે...! મને કહેતા ગૌરવ થાય છે કે આજે કોઈ પણ એવી એરલાઈન નથી જ્યાં મારો વિદ્યાર્થી કામ ન કરતો હોય...!



**કોમર્શિયલ પાયલટ બનવા માટે શું લાયકાત જોઇએ?**

કોમર્શિયલ પાયલટ બનવા માટેની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ બાર પાસ હોવું તે છે! કોઈ પણ ફેકલ્ટીની બાર ધોરણ પાસ વ્યક્તિ પાયલટ તરીકેનું લાયસન્સ મેળવી શકે છે.

કોમર્શિયલ પાયલટ બનવા ભારતમાં ધોરણ બાર સાયન્સ (ભૌતિક અને ગણિત)ના વિષયો સાથે પાસ કર્યું હોય તે જરૂરી છે. પરંતુ જે વિદ્યાર્થીઓ (યુવક કે યુવતી) કોમર્સ કે આર્ટ્સના વિષયો સાથે બારમું ધોરણ પાસ થયા હોય છે તેમને અમે સાયન્સના ભૌતિકશાસ્ત્ર અને ગણિતના વિષયોનો અભ્યાસ કરાવીએ છીએ અને વિદેશની ફ્લાઈંગ સ્કૂલમાંથી

લાયસન્સ અપાવીએ છીએ. કોમર્શિયલ પાયલટ તરીકેનું આવું લાયસન્સ દુનિયાભરમાં માન્ય ગણાય છે.

ભારતમાં વિમાન ઉડાડવા વિદેશમાંથી મેળવેલા કોમર્શિયલ પાયલટ લાયસન્સને ડી.જી.સી.એ. (જે દેશમાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે નિયમન કરનારું સરકારી ખાતુ છે) પાસેથી કન્વર્ટ કરાવવું પડે છે. ત્યાર બાદ ભારતમાં એરોપ્લેન ઉડાડી શકાય છે કે એરલાઈનમાં જોબ મેળવી શકાય છે...!

પાયલટ બનવા માટેની લાયકાત, પદ્ધતિ, અભ્યાસક્રમ અને પ્રવર્તમાન નીતિ-નિયમોની સંપૂર્ણ છણાવટ **રીચ ફોર ધ સ્કાય** નામનું માહિતી પુસ્તક મેં લખ્યું છે તેમાં કરી છે. આ પુસ્તક અમદાવાદ તથા મુંબઈમાં ઉપલબ્ધ છે અને એવિએશન ક્ષેત્રે પદાર્પણ કરવા ઈચ્છતી નવી પેઢી ઉપરાંત પોતાના પુત્ર કે પુત્રીને પાયલટ, ફ્લાઈટ ડિસ્પચર, રેડિયો ઓફિસર, એર હોસ્ટેસ, ફ્લાઈટ પર્સર કે એરપોર્ટ ગ્રાઉન્ડ સ્ટાફ તરીકે કારકિર્દી બનાવવા ઈચ્છતા માતા-પિતાને અત્યંત ઉપયોગી થાય તેમ છે.

મુલાકાત

વાચકોને જાણીને આશ્ચર્ય થશે કે કોમર્શિયલ પાયલટ કે હોબી ફ્લાઈંગ માટે વિદેશોમાં મહત્તમ ઉંમરનો કોઈ બાધ નથી! એટલે કે જો આપ મેડિકલી ફિટ હો તો કોઈ પણ ઉંમરે વિમાન ચલાવવાનું શીખી શકો છો અને પાયલટ



મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી વિલાસરાવ દેશમુખ સાથે કેપ્ટન એ.ડી. માણેક

તરીકેનું લાઈસન્સ મેળવી વિમાન ચલાવવાનો આનંદ મેળવી શકો છો. અનેક દેશોમાં કોમર્શિયલ પાયલટની નિવૃત્તિની કોઈ ઉંમર હોતી નથી. આથી કોમર્શિયલ પાયલટ ઈચ્છે ત્યાં સુધી કામ કરી શકે છે જો તે મેડિકલી ફિટ હોય તો...પાયલટે એફ.એ.એ. ક્લાસ વન મેડિકલ સ્ટાન્ડર્ડ જાળવવું પડે.

ભારતમાં કમર્શિયલ પાઈલટ માટે નિવૃત્તિની વય મર્યાદા પાંસઠ વર્ષ છે. જોકે શોખથી વિમાન ઉડાડનારા માટે ભારતમાં કોઈ વય મર્યાદા નથી પણ પરંતુ વર્ગ-2 મેડિકલ ક્લિયર કરવા જેટલી મેડિકલ ફિટનેસ હોવી જરૂરી છે. તે માટે આવશ્યક માર્ગદર્શન અમે આપતા હોઈએ છીએ. દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત ધ્યાન આપી ગુણવત્તાસભર શિક્ષણ આપી શકાય તે માટે અમે સ્કાયલાઈન એવિએશન ક્લબની દરેક બેચ ચોવીસ તાલીમાર્થીઓ પૂરતી મર્યાદિત રાખીએ છીએ. અત્યાર સુધીમાં ત્રણ હજારથી વધારે પાઈલટ્સ અમે તૈયાર કર્યા છે. ફ્લાઈટ સિમ્યુલેટર નામના સાધનથી ફ્લાઈટ ચલાવવાનો તાદૃશ્ય અનુભવ તાલીમાર્થીઓને આપીએ છીએ. અન્ય ઓડિયો-વિઝ્યુઅલ સુવિધાઓ અને વાયરલેસ લેબોરેટરીની મદદથી કોમ્યુનિકેશન સહિતના વિવિધ પાસાંઓનો અનુભવ તાલીમાર્થીઓ મેળવે છે.

ભારતમાં પાયલટ બનવા માટે બાવીસથી પચીસ લાખ રૂપિયા જેટલો ખર્ચ થતો હોય છે અને અંદાજે બે વર્ષનો સમય લાગતો હોય છે. આ અભ્યાસક્રમ માટે ઉમેદવારની સક્ષમતા જોઈને લગભગ દરેક બેન્કો એજ્યુકેશન લોન આપે છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના ઉમેદવારોને તો ભારત સરકાર અને રાજ્ય સરકાર લગભગ સંપૂર્ણ ફી ભરપાઈ થઈ શકે તેટલી લોન અને શિષ્યવૃત્તિઓ આપે છે...! આમ, કોમર્શિયલ પાયલટ બનવું સરળ બન્યું છે.

વળી, છેલ્લા દાયકામાં ભારતમાં એર ટ્રાફિક અનેક ગણો વધ્યો છે અને મોટી સંખ્યામાં કુશળ પાયલટો, કેબિન ક્રૂ અને ગ્રાઉન્ડ સ્ટાફને રોજગારી મળી છે. નાની મોટી તેજીમંદીઓ છતાં લાંબા ગાળે આ ક્ષેત્રમાં રોજગારીની તકો વધવાની જ છે. આજે ઉચ્ચ-મધ્યમવર્ગ કે મધ્યમવર્ગની વ્યક્તિ પણ હવાઈ મુસાફરી કરી શકે છે તે હકીકત છે. આ ઉપરાંત, એવિએશન ક્ષેત્રના કમર્ચારીઓને ભૌગોલિક સીમાડાઓ નડતા નથી! તેઓ ભારતની એરલાઈન્સમાં કામ કરતા હોય અને વધુ સારી તક મળતી હોય તો કોઈ ઈન્ટરનેશનલ એરવેઝમાં કે અન્ય દેશોની એરલાઈન્સમાં પણ જોડાઈ જતા હોય છે ત્યાં તેમને વિદેશી ચલણમાં પગાર મળે છે. આ દૃષ્ટિએ જોતાં ધોરણ બાર પાસ હોશિયાર યુવક-યુવતીઓ માટે આનાથી વધારે આર્થિક લાભ આપનારી કેરિયર બીજી કોઈ નથી. માતા-પિતાએ પણ પોતાના સંતાનની પાયલટ બનવા માટેના રસ-રુચિ જાણીને પ્રોત્સાહિત કરવા જોઈએ...

જાણીતા ગઝલ ગાયક
મનહર ઉધાસ સાથે
કેપ્ટન માણેક



મુલાકાત

વિવિધ એરલાઈન્સમાં નોકરી ઉપરાંત ચાર્ટર્ડ ફ્લાઈટ્સમાં કામની તકો આજે ઘણી વધી ગઈ છે. ભારત દેશનાં લગભગ બધાં પ્રગતિશીલ રાજ્યોમાં ઉદ્યોગપતિઓ પાસે પોતાના એરક્રાફ્ટસ છે, અનેક મુખ્ય મંત્રીઓ પાસે હેલિકોપ્ટર કે એરક્રાફ્ટસ છે. રિસેપ્શન કે લગ્ન જેવા પ્રસંગે પણ ધનાઢ્ય લોકો હેલિકોપ્ટર કે ફ્લાઈટ ચાર્ટર કરતા હોય છે. ચાર્ટર ફ્લાઈટની સેવાઓનો વ્યાપ વધી રહ્યો છે. કોઈ પણ એરલાઈન જ્યારે એક વિમાન ખરીદે ત્યારે તેને નફાકારક રીતે ચલાવવા દસ જેટલા પાયલટની જરૂર પડતી હોય છે, તેમાં પાંચ કમાન્ડર અને પાંચ કો-પાયલટ હોય છે.

**આપ ડિઝાસ્ટર મેનેજમેન્ટના પણ તજજ્ઞ છો... વર્ષ 2001ના કચ્છના ગોઝારા ભૂકંપ વખતે આપે શું સેવાઓ**

આપેલી?

26મી જાન્યુઆરી, 2001નો ભૂકંપ અને તે પછીનો સમય અમારા માટે ઘણો જ પડકારરૂપ હતો! સમગ્ર સંચાર માળખું ઠપ થઈ જવાને કારણે ભૂકંપગ્રસ્ત ક્ષેત્રોનો સંપર્ક કરવો અને બચાવ તેમજ રાહત કામગીરીનું સંચાલન કરવું અશક્ય હતું. આ સમયે અમારી ટીમે હેમ રેડિયોનો સહારો લઈને બોરીવલીમાં તાકીદનું રેડિયો મથક ઊભું કર્યું. બે કેન્દ્રો તત્કાલીન મુખ્ય પ્રધાન કેશુભાઈ પટેલના નિવાસસ્થાને અને સચિવાલય ગાંધીનગર ખાતે ઊભા કર્યા અને સંદેશાવ્યવહાર શક્ય બન્યો, જેથી રાહત કામગીરીનું અસરકારક સંચાલન શક્ય બન્યું.



મુલાકાત

હેમ રેડિયો કે એમેચ્યોર રેડિયો આપત્તિના સમયે કોમ્યુનિકેશન માટે ઘણો ઉપયોગી થાય છે. હેમ રેડિયોના ઉપયોગથી અન્ય કોઈ પણ વ્યક્તિ સાથે વાત થઈ શકે છે, જેની પાસે હેમ રેડિયો હોય! આ માટે સંદેશાવ્યવહાર મંત્રાલયની મંજૂરી મેળવવી જરૂરી છે. કુદરતી આપત્તિના સમયે વીજળી હોતી નથી અને ફોન લાઈન્સ તથા સેલફોન નેટવર્ક ઠપ થઈ ગયું હોય છે ત્યારે પણ બેટરીથી ચાલતો હેમ રેડિયો એકમાત્ર સંચાર ઉપકરણ તરીકે કામમાં આવે છે... વળી તેનું કોઈ ભાડું




મહાનુભાવો દ્વારા ફીલિંગ્સ ગ્લોબલ ગુજરાત એવોર્ડથી વિભૂષિત થઈ રહેલા કેપ્ટન એ. ડી. માણેક : વર્ષ 2010

પણ નથી. ભૂકંપ દરમિયાન દિવસો સુધી અમે આપેલી નિઃસ્વાર્થ સેવાઓ બદલ સરકાર અને વિવિધ સંસ્થાઓ તરફથી સન્માનો પણ મળ્યાં છે. દરેક અખબારોએ તેની નોંધ લીધી છે અને સ્કાયલાઈન એવિએશન ક્લબની પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરી છે.

Beyond Time,
All the Times.

મુલાકાત

## રેપિડ ફાયર

**આપની સફળતામાં કોને સહયોગી ગણો છો?**

વર્ષ 1984માં શ્રી ખંડુભાઈ ભાણાભાઈ મીઠાઈવાલા (સુરત)એ પ્રાઈવેટ પાયલટ લાયસન્સની તાલીમી સંસ્થામાં પ્રારંભિક 4,800 રૂપિયાની મારી ફી ભરી અને મને પાયલટ તાલીમનું પ્રથમ પ્રારંભિક પગથિયું ચડાવ્યું.

વર્ષ 1988માં વ્યારાના શ્રી ભાણાભાઈ કાલિદાસ ભારતી, (જેઓ મારા મામા છે) તેમણે મારી મુલાકાત ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી સ્વ. શ્રી અમરસિંહ ચૌધરી સાથે ગોઠવી પરિચય કરાવ્યો અને કોમર્શિયલ પાયલટ માટે ગુજરાત સરકાર દ્વારા બે લાખ રૂપિયાની શૈક્ષણિક લોનની યોજના બનાવવામાં સિંહફાળો આપ્યો હતો.

વર્ષ 1989માં શ્રી અમૃતભાઈ લાકડાવાલા (બારડોલી) અને શ્રી પ્રફુલ્લભાઈ કાલિદાસ ભારતી (અમદાવાદ), જેઓએ મારી કોમર્શિયલ પાયલટ તાલીમ માટેની શૈક્ષણિક લોનની ગુજરાત સરકારને રજૂ કરેલી અરજીમાં જામીન તરીકે સહી કરી આપી આપી મારી ઉજ્જવળ કારકિર્દીનો માર્ગ પ્રશસ્ત કર્યો...આ સૌનો હું ઋણી છું.


**આપની અન્ય પ્રવૃત્તિઓ?**

કોઈ પણ સ્થળે રહેલા પેશન્ટને ઈમર્જન્સીમાં કોઈ પણ સમયે સારવાર મળે તે માટે એર-એમ્બ્યુલન્સનું નેટવર્ક ચલાવીએ છીએ. **હૃદયરોગના હુમલો, આગ કે અકસ્માતનો ભોગ બનેલી વ્યક્તિને પ્રાથમિક સારવાર આપી એરલિફ્ટ**

**કરીને નજીકની હોસ્પિટલે પહોંચાડવામાં આવે છે. આ માટે હેલિકોપ્ટર કે વિમાનનો ઉપયોગ કરવામાં આવે છે, જેમાં આઈ.સી.સી.યુ., ડૉક્ટર તથા નર્સ ઓન બોર્ડ હોય છે અને હજારો ફિટની ઊંચાઈએ ચાલી શકે તેવા મેડિકલ ઈક્વિપમેન્ટ હોય છે. આ રીતે દર્દીને નજીકના એરપોર્ટ કે હોસ્પિટલ પર તાત્કાલિક લાવવામાં આવે છે તે અમૂલ્ય છે...**

*શાળા-કૉલેજો કે સંસ્થાઓના સહયોગથી ઍર-શૉનું આયોજન કરતા હોઈએ છીએ. કોમર્શિયલ પાયલટ લાયસન્સ, ફલાઈટ ડિસ્પેચર લાયસન્સ, એરોનોટિકલ રેડિયો ઓફિસર, એરહોસ્ટેસ, ફલાઈટ પર્સર તથા એરપોર્ટ ગ્રાઉન્ડ સ્ટાફ જેવા ભારત સરકાર તથા અમેરિકન સરકારના માન્યતા પ્રાપ્ત વિવિધ અભ્યાસક્રમો દર વર્ષે તા.1લી મે, 15મી જુન, 15મી ઓગસ્ટ અને 15મી ઓક્ટોબરના દિવસે નિયત સમયપત્રક મુજબ અમે ચલાવીએ છીએ.*

## સંપર્કસૂત્ર




**કેપ્ટન એ. ડી. માણેક**

*ધ સ્કાયલાઈન એવિએશન કલબ*

*મોબાઈલ*: + 91 9820891262

*ફોન :* 022 28331988 , 65705244

*ઈ-મેઈલ :* skylineaviationclub@yahoo.com
cptmanek@yahoo.com

*વેબસાઈટ*: www.skyline.edu.in

*સરનામું : ધ સ્કાયલાઈન એવિએશન ક્લબ,
ફર્સ્ટ ફ્લોર, શિવમ એપાર્ટમેન્ટ, જોગર્સ પાર્ક સામે,
ચિકૂવાડી, બોરીવલી (વેસ્ટ), મુંબઈ* -400 091

*એમેચ્યોર રેડિયો - કોલ સાઈન :* VU2 ADO